Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

# સંસ્કૃત સાહિત્યમાં અષાઢ- વર્ષા વર્ણન

અલ્પેશ ઉપાધ્યાય*

"अषाढ़स्य प्रथमदिवसे..."(મેઘદૂત-પૂ.૧) શબ્દ સાંભળતાં જ અતિશય ઉકળાટ સાથે આકાશમાં ઘેરાતાં જળભર્યા મેઘા, જોરથી ફૂંકાતો પવન, વાદળોના ગડગડાટ, ગર્ભાધાન માટે આકાશમાં ઉયડતી બગલાની હારમાળા, મેઘધનુષ્યની કેકારવ, કળાયેલા મોરલાઓ, ઘેર જવા ઉતાવળા થતાં વિયોગી પથિકજનો, અભિસાર માટે સજ્જ થતી પ્રમદાઓ વગેરે દ્રશ્યો નજર સમક્ષ તરી આવે છે.

સંસ્કૃત સાહિત્યમાં બારહ માસ જેવુ સાહિત્ય નથી. ગ્રીષ્મ પછી પ્રકૃતિમાં નવજીવન કેચૈતન્યનો સંચાર કરનારી વર્ષાને વેદ કાળમાં એક યા બીજા પ્રસંગેરૂષિઓ વધાવે છે. ઋગ્વેદમાં મળતો 'સહન ન થાય તેવું કે શત્રુને અભિભૂત કરનારું 'તત્ત્વ' ઉપરથી ઉત્કટ ધામની સ્થિતિ નિર્દેશતો 'અષાઢ' શબ્દ છે. ઋગ્વેદ ૧-૫૫–૮ ; ૭-૯૧–૨૧, ૩-૧૫-૪; ૧-૧૮-૧: ૧-૧૯-૨; ૭-૨-૩; ૭-૪૬-૧; ૯-૯૦.૩; ૧૦.૪૮-૧૧ આદિ મંત્રોમાં આષાઢ-વર્ષાના સંદર્ભ છે. આષાઢ માસનું વૈદિક નામ 'શુચિ' છે. અથર્વવેદ પૂર્વાષાઢા નક્ષત્રને અન્ન આપનાર ને ઉત્તરાષાઢાને બળ અને પ્રાણશક્તિ આપનાર માને છે.

સૂત્રગ્રંથો, અષાઢા નક્ષત્રને વરુણ નામના યજ્ઞ સાથે મુખ્યત્વે સાંકળે છે. સામ વિધાન બ્રાહ્મણમાં અષાઢ માસમાં આષાઢી  જોખવાની પરંપરાની નોંધ લેવામાં આવી છે. આમ અષાઢ એ વર્ષાનો માસ છે અને આષાઢી આવતાં સુધીમાં વાવણીલાયક વરસાદ થઇ ચૂક્યો હોય છે.

અષાઢ માસનો રવિ 'સૂર્ય' નામે છે. તેની દેવી કમલા છે અને દેવતા વામન છે. બૃહદ્ધર્મપુરાણ અષાઢને એક તીર્થ ગણે છે. પૂર્ણિમાન્ત માસ પ્રમાણે જેઠવદ-૧ આષાઢનો પ્રથમ દિવસ છે. આષાઢ માસ અષાડ સુદ-પ્રતિપદાથી ગુજરાતમાં આરંભાય છે. અથર્વવેદ પરિશિષ્ટ અનુસાર અષાઢ સુદ ચોથ-પાંચમે થતાં વીજળીના ચમકારા ઉપરથી અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, સુકાળ દુકાળના એંધાણ પારખવાની પરંપરા છે. અર્થવર્વેદ પરિશિષ્ટ અનુસાર અષાઢ સૂદ ચોથ-પાંચમે થતાં વીજળીના ચમકારા ઉપરથી અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ,સુકાળ, દુકાળનાં એંધાણ પારખવાની પરંપરા છે. અથર્વવેદ પરિશિષ્ટનાં વિધુત્તનાં લક્ષણોને નિમિત ગણી વર્ષા અને વર્ષના શુભાશુભત્વ દર્શાવ્યાં હે (અર્થ. ૪.૫૯)

અષાઢ સાથે વર્ષાનો આરંભ, વર્ષા પહેલાંનો ઉગ્ર તાપ અને સંકાલાયેલાં છે.

વર્ષા વખતે વહેતાં દૈવીજય दिव्या: आप: હોવાનું કહ્યું છે.

વસિષ્ઠ ઋષિ ધૃણા ઉદારપુત્રને મેઘાને માટે વર્ષાગીતો ગાવા કહે  છે. કારણ કે તે ઔષધિ, ગાયો, અશ્વીઓ અને સ્ત્રીઓમાં ગર્ભાધાન કરે છે. ટેમેજ અન્ન આપે છે,'

સૂકા સરોવારમાં વર્ષાના નવા જળ આવતાં જ ગોમયુ. અજમાયુ પૃશ્નિ, હરિત વગરે દેડકાં, આખું વર્ષ વ્રતધારી રહેતાં બ્રાહ્મણો વેદમંત્રો ગાય તેમ પર્જન્યનાં ગીતો ગાવા માંડે છે.

---

*અલ્પેશ ઉપાધ્યાય, એશોસીએટ પ્રોફેસર, સરસપૂર આર્ટ્સ અને કોમર્સ કોલેજ

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

સમગ્ર અભિતપ્ત પ્રકૃતિ આ પ્રથમ વર્ષાને માણે છે."

અત્રિભૌમ ઋષિ મંડરાતા અને ગર્જતા મેઘને 'कनक्रदद् वृषभ' કહે છે. સારથિ જે રીતે ઘોડાઓને ચાબુક ફટકારી દોડાવે તેમ પર્જન્ય દેવ વાદળોને દોડાવે છે. દૂરથી સિંહની ગર્જના જેવી મેઘગર્જના ઊઠે છે અને આકાશ વર્ષાથી છવાય છે.

रथीव कशयाश्वाँ अभिक्षिपता
विदुरात्कृणुतेबर्ष्या अह ।
दुरात्सिंहस्यस्तनथा उदीरते
यत्पर्जन्य कृणुते वर्ष्य नभ : ॥१०

વૃક્ષો પડે છે , વીજળી પડે છે, આખું વિશ્વ ભયથી કંપે છે.[૧૧] પવનો ફૂંકાય છે. ઔષધિ ઊગી નીકળે છે , પર્જન્ય પોતાના રેતસુનું સીંચન કરે છે.

प्र वाता वान्ति पतयन्ति विधुत्
औषधीर्जिहते पिन्वते स्व : ।
इरा विश्वस्मै भुवनाय जायते
यत्पर्जन्य: पृथिवींरेतसावति ॥[१२]

જળભર્યા વાદળોની મશકમાંથી જળ સીંચાતાં નહેરો ઉભરાય છે. ધાવાપૃથિવી ધૃતથી પૂર્ણ બને છે. ગાયોને માટે પાણી પાવાનો હવાડા જળથી ઉભરાય છે.

महान्त कोशमूदचा नि षीच्च
स्यन्दन्तां कुल्या विषिता : पुरस्तात् ।
धृतेनधावापृथिवीव्युन्धि
सुप्रपानंभवनत्वध्न्यभ्य : ॥[१३]

અથર્વવેદે ૯.૧ માં વર્ષાજળને 'મધુ' કહી વૃષ્ટિ આપનારા મેઘને મધુકશા કહ્યો છે. ધૃ-પૃથિવી અંતરિક્ષ,, સમદ્ર અગ્નિ અને પવનથી આ અમૃત રસભરી મધુકશા બની છે.

दिवस्पृथिव्या अन्तरिक्षात् समुद्रा-
दग्ने वातान् मधुकशा हि जज्ञे ।
तां चायित्वामृतंवसाना
हृभ्दि: प्रति नन्दन्ति सर्वा :।[१४]

અગ્નિ અને વાયુથી જન્મેલી આ હિરણ્યવર્ણા મધુકશા મરુતોની ઉગ્ર પૌત્રી, આદિત્યોની માતા, વાયુઓની દીકરી, પ્રજાનાં પ્રાણ, અમૃતની નાભિ અને ધૃતાચિ છે.તે મતત્ર્યો વચ્ચે ગર્ભ રૂપે આવે છે.

मातादित्यानां दुहिता वसूनां
प्राण : प्राणन्तममृतस्यनाभि: ।

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

हिरण्यवर्णा मधुकशा धृताची
महान् गर्भश्वरति मर्त्यम् ॥१५

આ મધુકશા રૂપી યુવતી પોતાના સ્તાનમાંથી હજારો ધારાઓ સોમરૂપી પ્રાણબળ વરસાવે છે.

यदस्या : स्तनौ सहस्त्रधारावक्षिती
ऊर्जं दुहयतेअनपस्कुरन्तौ ॥[१६]

આ ઉર્જસ્વી જળ ભમરાઓ કે મધમાખીઓ મધ એકઠું કરે તેમ મેઘમાં મધુ-અમૃત કે સોમ રૂપે એકઠું થાય છે.[૧૭]

આ મધુકશા પ્રજાપતિની વાક્ કે મેઘગર્જનાથી (અ. વે. ૯.૧.૨૭)પૂર્ણ બની મધુ-જળ વરસે છે.

આમ વેદની સાહજિક ભાષામાં પ્રકૃતિ અને માનવીના સરળ જીવનની છાંટવાળું તો ક્યારેક દાર્શનિક ભૂમિકામાં આષાઢી મેઘાણી વર્ષાનું વર્ણન મળે છે.

વાલ્મીકિ રામયણનાં કિષ્કિન્ધાકાંડમાં જળ સૂર્યનાં કિરણો દ્રારા સમુદ્રના રસથી નવ માસ સુધી સંઘરી વર્ષાના દ્યુરસાયણ રૂપે વરસે છે.[૧૮] મેઘના આગમન સમયે કુટજ, અર્જુન , કેતકી, કદલી જેવાં વૃક્ષો મહોરી ઊઠે છે. વિરહી રામને મન્દ કામીજનોના નિસાસા લાગે છે. સંધ્યાના ચંદનથી ચર્ચિત પાંડુવર્ણા  વાદળોથી ચાયેલું આકાશ જાણે કામાતુર બન્યું છે. [૧૯] પ્રથમ વર્ષાને લીધે પૃથ્વીમાંથી નીકળતી વરાળ રામને  સીતાના બાષ્પ સામિ લાગે છે.

एषा धर्मपरिक्लिष्टा नववारिपारिपप्लुता ।
सीतेव शोकसन्तप्ता मही बाष्पं विमुच्चति ।[२०]

વાદળોના ગડગડાટ વાલ્મિકીને વિદ્યુતરૂપી ચાબુકથી ફટકારાયેલા અંબરના વેદનાભર્યા ઉંહકારા લાગે છે. [૨૧] = વાદળમાં ઝબૂકતી વીજળી રામને મન રાવણનાં અંકમાં રહેલી તપસ્વિની  વૈદેહી લાગે છે.[૨૨]

વાલ્મીકિરચિત આષાઢી વર્ષાથી ઊડતી રાજ બેસી ગઈ છે. વાયુમાં લૂની ગરમી ણ હોવાથી સહ્ય બને છે. રાજાઓની યાત્રાઓ બંધ છે અને પ્રવાસીઓ પાછા ફરે છે.

राज: प्रशान्त सहिमोडध वायु -
निर्दाधदोषप्रसरा : प्रशान्त: ।
स्थिता हि यात्रा वसुधाधिपानां
प्रवासिन: यान्ति नरा: स्वदेशान् ॥[२३]

પ્રિયતમાઓ સાથે માનસ સરોવર પ્રતિ જતાં હાંસો, માર્ગોમાં ફરતા વાદળો[૨૪] વહેતાં ધાતુમિશ્રિત જળ, મયૂરોનાં કેકારવ , જાંબુનો રસ પીતા ભમરા, પવનથી ભૂમિ ઉપર પડતી કેરીની સાખોર૫ વગેરેનું વર્ણન આકર્ષક છે. આકાશમાં ઊડતી બગલાની હાર लम्बेब माला रचिताम्बरस्य જાણે આકાશને પહેરાવેલી શ્વેત પુષ્પોની માળા છે. [૨૬] પ્રકૃતિમાં સંચરતા નવજીવનના ધબકાર સાથે વર્ષાની ધારાથી ગભરાયેલા ભમરાઓ જાંબુડામાં સંતાઈ જાય છે. એ મનોરમ કલ્પના પ્રકૃતિનું રમણીય ચિત્ર ઉપસાવે છે. પર્જન્ય દેવે મોતી સમા વરસાવેલાં વર્ષા બિન્દુઓને પાંદડાંના પડિયામાંથી પીતા તરસ્યા પક્ષીઓનું દ્રશ્ય પણ સુંદર છે.[૨૭]

Saarth
E-Journal of Research
**ISSN NO: 2395-339X**

કવિ કાલિદાસે आषाढस्य प्रथमदिवसे વપ્રક્રીડા (હાથીની રમત) કરતાં ગજરાજ સમા મેઘને પર્વતના શિહારને આલિંગતો જોઈ ઉદ્વિગ્નિ થયેલા વિરહી યક્ષને મેઘાણી સાથે પ્રિય પત્નીને સંદેશાઓ મોકલ્યા છે. પવનની પડાવી ઉપર આરૂઢ મેઘને અલક લટોને સંકોરીને નિહાળતી લલિત લલનાઓ, મંદ મંદ પવન , ડાબે હાથે મધુર કૂજતું ચાતક, ગર્ભાધાન માણતી હારબદ્ધ બલકાઓ, માનસ સરોવર ભણી કમળદંડ (કિસલય)નું ભાથું લઈને દૂર જતાં હંસો, સદ્યખીલ્યા નીપ, દાવાનળથી બળેલી ભૂમિએ પ્રથમ વર્ષાથી છોડેલી મધુર મહેંક, શ્વેત અપાંગથી હર્ષાશ્રુ સારતા મેઘાનું સ્વાગતા કરતા મયુરો, માળા ગૂંથવામાં વ્યસત પક્ષીઓ, વાંસના વનમાંથી સંભળાતો વેણુનાદ વગેરે કવિ કુલગુરુ કાલિદાસની કલમે ચિરસ્મરણીય બન્યાં છે.

કાલિદાસે મેઘદૂતમાં અષાઢનો પ્રથમ દિવસ વધાવ્યો છે.

આકાશમાં નીલકમળનાં દલ સમાં તો ક્યાંક સગર્ભા પ્રમદાના સ્તનાગ્ર સમાં વાદળો છવાયાં છે. તેમને તૃષાતુર ચાતકો યાચે છે, દુષ્ટ સ્ત્રીઓની માફક કિનારાનાં વૃક્ષોને નદીઓના પ્રવાહ ઉખેડી નાખે છે/ સ્ત્રીઓના લાંબા કેશ કલાપ, સુગંધી પુષ્પોના કર્ણાવતંસની હારથી મંડિત યુવતીઓ કામીઓના ચિત્તમાં રતિ જન્માવે છે. (શ્લોક-૧૮) આ કાવ્યમાં વર્ષાની વિવિધ ક્રિયાઓનું વર્ણન ક્રમાનુસાર સુંદર સંયોગ પામે છે.

वहन्ति वर्षन्ति नदन्ति भान्ति
रदन्ति नृत्यन्तिसमाश्रयन्ति ।
नधो धना मतदजा वनान्ता
प्रियाविहिना शिखिन: प्लवडा: ॥ (ऋतुसंहार-१९)

નદીઓ વહે છે . વાદળો વરસે છે . મદમસ્ત ગજરાજે આવાજ કરે છે. વનાંચલ શોભે છે. પ્રિયા- વિરહી જતો રહે છે. મયુરો નાચે છે. અને વાનરો આશ્રય ખોળે છે.

વર્ષાના આરંભે વનાંચલનાં આનંદ, નૃત્ય અને હાસ્યને કવિ સુંદર ઉત્પ્રેક્ષા દ્વારા નિરૂપે છે.

मुदित इव कदम्बैर्जातपुष्पै सन्तात्
पवनचलितशाखै : शाखिभिनत्यतीव ।
हसितमिव विधते सूचिभि : केतकीनां
नवसलिलनिषेकछित्रतापो वनान्त: ॥[१४]

કુમારસંભવમાં પાર્વતી ઉપર પડતાં વર્ષાનાં પ્રથમ જળબિંદુનો થોડીકવાર પાંપણમાં અરહી આધાર ઉપરથી સરકી સ્તનનો ઉયર અથડાતાં નાનાં જળશીકરોમાં વહેંચાઈ જય ઉદર ઉપરની રોમરાજીમાંથી લાંબા સમયે નાભિમાં સ્થિર થયાં. વર્ષાવર્ણન સાથે પાર્વતીનું મનોરમ સૌદર્ય તેની તપશ્ચર્યા સાથે સાંકળી લીધું છે.

स्थिता: क्षण पक्ष्मसु ताडिताधरा
पयोधरोत्सेधनितपातचूर्णिता: ।
वलीषु तस्या : स्खलिता: प्रपेदिरे
चिरेण नाभि प्रथमोदबिन्दव : ॥

Saarth E-Journal of Research

ISSN NO: 2395-339X

શિલાપટ્ટક ઉપર સૂતેલી પાર્વતીને રાત્રિઓ વીજળી રૂપી નેત્રોથી નિહાળે છે.[૨૯]

રઘુવંશમાં લંકાથી પાછા ફરતાં રામે ઋષ્યમૂકની પર્વતીય ભૂમિમાં સીતાના વિરહમાં વર્ષાના આરંભે મેઘવૃષ્ટિની સાથે આંસુ સાર્યા હતા.[૩૦] કહી ભૂતકાળની વાત સીતાને કરી છે.

રઘુવંશના રામાયણનાં રામની માફક સીતાવિરહી રામને પૃથ્વીની સુગંધ, મયૂરોના કેકારવ અને અધખીલ્યા કદંબનું દર્શન નાસિકા, કાન અને આંખને માટે પીડાકારી બને છે.

गन्धश्र्व धाराहपल्वलानां, कदम्बमर्धोद्दगतकेसरं च ।

स्निग्धाश्र्व केकाशिखिनां वभूवु र्यस्मित्रसहयानि विना त्व्या मे ।[૩૧]

આવી જ એ વર્ષાએ મેઘગર્જન અને વિજના ચમકારા રાજાને સીતાનું કંપયુક્ત આલિંગન પામવાનું નિમિત્ત બન્યું હતું. તેની યાદ રામને સતાવે છે.[૩૨]

આ ઋતુમાં ખીલેલાં કદલીનાં પુષ્પો અને વિવાહકાલીન અગ્નિના ધુમાડાથી સીતાની લાલ થયેલી આંખોની યાદ આવે છે. विवाहधूमारुणलोचनश्री.'[૩૩]

માલવિકાગ્નિમિત્રમાં मदयति मार्जना मायूरी मनांसि[૩૪] મેઘગર્જન અને ગહેકતા મયૂરોના કંઠધ્વનિની યાદ સંગીતની પારિભાષા मायूरी मार्जनी મૃદંગ તાલ સાથે વણાયાં છે.

વિક્રમોવશીયમાં જળભર્યા વાદળમાં ચમકતી વીજળી જોઈને રાક્ષસ દ્વારા હારી જવાતી ઉર્વશીની ભ્રાંતિ પૂરુરવાને થાય છે પણ તેના સંદેહનું નિવારણ થાય છે.(कनकतिकषस्निग्धा विधुत्प्रिया न ममोर्वशी)(વક્રમો.૪.૧.) વરસતા મેઘભર્યા આકાશ નીચે પોતાનો રાજવી વૈભવ મૂર્ત થતો લાગે છે.

विधुल्लेखाकनकरुचिरं श्रीवितानं ममाभ्रं

व्याधुयन्ते नियुलतरुभिर्मगच्जरीचामराणि ।

धर्मच्छेदात् पटुतरगिरो बन्दिनो नील कण्ठाः

धारासारोनयनपरा नैगमा सानुमन्तः ॥[૩૫]

મેઘમંડળ વિદ્યુતરૂપી રેખાથી અલંકૃત સુંદર આકાશના મેઘ મંડળનો ચંદરવો છે, નિયુલ વૃક્ષની મંજરીઓ ચામર ઢોળે છે. ધામ ઘટતાં વાચાળ બનેલા મયુરો તેના બંદિજનો છે અને વર્ષાની ધારાઓના પ્રવાહ ભેટ લઈ આવતા પર્વતો વેપારીઓના વૃંદ છે.

ભારવિએ કિરાતાર્જૂનીયનાં (૧૦-૧૯-૨૪) મેઘભર્યા નભમાં ચમકતી વીજળી, ખીલેલાં કંદર્બનાં મુકુલ, વાતાવરણમાં ફેલાતી ધરતીની સુગંધ, જાંબુના રસનો આસ્વાદ કરી નવા નવા કંઠ રાગે રાગે ગાતી કોકિલ યુવતી (૨૨), કદંબને સ્પર્શતા વાયુની વધતી મનની ચંચળતા, મયૂરોના કંકારવ દ્વારા પ્રકૃતિમાં જન્મેલા ઉદ્દીપનનું ભવ્ય વર્ણન કરેલું છે.

માઘે શિશુપાલવમાં રૈવતક પર્વત ઉપર યાદવોના વિહારનું વર્ણન છઠ્ઠા સર્ગના ૨૫-૪૦,૭૨,૭૩ પધોના વર્ષાનું પરંપરાગત વર્ણન ઉપરાંત મેઘ ધનુષ્ય અને મેઘને જોઈને બાલિમાનષનાં અંગનું દર્શન કરાવ્યુ છે. (૬.૧૭)

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

તમાલની હાલતી ડાળીઓ વચ્ચે વાદળાનું શ્વેત- શ્યામ દર્શન અને માલતીની પુષ્પ રજથી સફેદ બનતા ભમરાઓની કલ્પના મનોરમ છે.[૩૬]

વર્ષાના આગમને શુદ્રકના મૃચ્છકટિકની વસંતસેનાને અભિસાર કરવા પ્રેરી. તેને ઘનગર્જનામાં વિયોગી વનિતાઓના હૈયાનો ચિત્કાર સંભળાય છે. (મૃચ્છ ૫.૩) પ્રથમ વર્ષાના જળને દૂષિત કરનારા સન્યાને દૂષિત કરે તેમ મેઘ ચંદ્રને ઘેરી વળે છે. અને નીચકુળમાં જન્મેલી યુવતીની માફક વીજળી ક્યાંય સ્થિર થતી નથી, (મૃચ્છ,. ૫-૧૪)

ક્ષુદ્રક્ને મેઘને મંદશક્તિવાળા ચંદ્ર રૂપી રાજવીના નગરમાં કાર ઉઘાર્વતા રાજવી સાથે સરખાવે છે·[૩૭]

આ રાજવી બલાકાની માળા જેવી સફેદ પાઘડી પહેરે છે. અને તેને વિદ્યુતચામર ધોળે છે (મૃચ્છ. ૫.૧૯) આ ઋતુમાં બગલાનો ચિત્કાર વિયોગી વનિતાઓના હૈયામાં ઘા ઉપર મીઠું ભભરાવે છે. (મૃચ્છ. ૫. ૧૪) દુર્બળ પતિની સ્ત્રીને કોઈ માથાભારે બળવાન લોકો હરી લે તેમ મેઘ જ્યોત્સનાને હરી લે છે. મેઘાણી વચ્ચે ચમકતી વીજળી અંધકારમાં શોભતી સોનાની દીવડી છે.[૩૮] મેઘાને કારણે બધી દિશાઓ કાજલ જેવી શ્યામ બની છે. [૩૯] પયોધારા ગૃહમાં રહેલા જગત ઉપર મેઘછાયું આકાશ છત્રનું ઢાંકણ[૪૦] બની રહે છે. (મૃચ્છ. ૫.૨૪)- આકાશ જાણે દ્રવીને પૃથ્વી ઉપર આવી રહ્યું છે. આકાશ જાણે ઇન્દ્ર ધનુષ્યથી અમળાય છે. મેઘ ગર્જનથી અવાજ કરે છે. પવનથી લથડે છે. સર્પો સામા શ્યામ વાદળોને લીધે આકાશ ધુમાડાવાળું બને છે. આમ માલોત્પ્રેક્ષા દ્વારા શૂદ્રકે વર્ષાનું સુંદર વર્ણન કર્યું છે.

વર્ષામાં ભીંજાઇઓને આવતી અભિસારિકાઓમાં આલિંગન માણનારા પ્રિયતમોને શૂદ્રક ધન્ય ગણે છે. [૪૨]

શુદ્રક્ને વર્ષાની ધારાથી થતા વિવિધ પ્રકારના ધ્વનિમાં સંગીત જણાતો રણકાર સંભળાય છે. તાડ ઉપર તારસ્વર, ડાળીઓ ઉપર પડતાં મન્દ્ર. પથ્થરો ઉપર પડતાં રુક્ષ, પાણીમાં પડતાં છંદ-પ્રચંડ તાલ પ્રમાણે પડતી વર્ષાની ધારાઓ જાણે કે સંગીતવીણા છે.[૪૩]

ભવભુતિના માલતીમાધવના નાયક માધવ મેઘદૂતના નાયકયક્ષની માફક પર્વતના જાંબુની કુંજ વાળા શિખર ઉપર પ્રૌઢ તાપિરછ સામા જળભર્યા મેઘાને સત્કારે છે.[૪૪] ક્યાંક વિદ્યુત રૂપી પ્રિયતમા મેઘાને આલિંગે છે. તો પ્રેમભાવને પ્રગટ કરતાં ચાતકો તેને સેવે છે. તો ક્યાંક પૂર્વનો પવન પગચંપી કરે છે તો ક્યાએક મેઘ ધનુષ્યની સુંદર શોભા ચિત્ત હરે છે·[૪૫] વિક્રમોર્વશીયના પુરુરવા માફક તેને ગુફામાંથી ઊઠતા મેઘગર્જનાના પ્રતિધ્વનિમાં અનુમતિની ભ્રાંતિ થાય છે. મેઘદૂતના યક્ષની માફક માધવ પ્રિયતમાના પ્રાણ બચાવી લેવા વિનવે છે.[૪૬]

શ્રીમદ્દભાગવતમાં દાવાગ્નિમાં અને પ્રલંબાસૂરના વધ (ભાગ ૧૦-૨૦) પછી શ્રીકૃષ્ણ વ્રજમાં જાય છે. ત્યારે વર્ષાઋતુમાં આરંભ થાય છે. સર્વ સત્વના સમુદ્દભવની એ ઋતુમાં નીલમેઘ, વિજના ચમકારા અને મેઘગર્જન કવિને અસ્પષ્ટ જ્યોતિવાળા સગુણ બ્રહ્મ જેવા લાગે છે. (अस्पष्टज्योतिधराछत्र ब्रह्मैवसगुगुण बभौ ॥ આઠ માસ સુધી ભૂમિનું જળ પિ વર્ષાકાળે પાછું આપતાં પર્જન્યે કરુણા સામિ વર્ષા વરસાવવા માંડી. સંધ્યા સમયે પાપ-પાખંડ વચ્ચે વેદ કળિયુગમાં ન શોભે તેમ ગ્રહો આકાશમાં શોભતા ન હતાં (ભ. ગી. ૧૦-૬૦-૮)

ઋગ્વેદમાં મંડૂક સૂક્તના પ્રથમ મંત્રની છાયા અહીં આવે છે.

Saarth E-Journal of Research

**ISSN NO: 2395-339X**

श्रुत्वा पर्जन्यनिन्दं मण्डूका व्यसृ जङ्गिर:।
तृ ष्णीशयाना प्राग् यद्वत् ब्राह्मणा नियमात्यये ॥[४७]

ક્ષુદ્રનદીઓ ઉભરાય છે. [૪૯] લોકો હરિના સેવનથી નવીનરૂપ ધારણ કરે છે.[૫૦] ભગવાન વિષ્ણુમાં ચિત્ત ધરવાતાં લોકોની માફક વર્ષા રૂપી દુઃખમાં પર્વતો સ્થિર ચિત્તવાળા છે. [૫૧] અભ્યાસ ન કરતાં કાલે કરીને બ્રાહ્મણો માટે સ્મૃતિમાં પાછળ ધકેલાઇ જતાં વેદોની માફક ઊગેલા ઘાસથી માર્ગો અસ્પષ્ટ અને અસંસ્કૃત બન્યા છે.[૫૨] ગુણિયલ પુરુષોમાં સ્થિર ન થતી કામિનીઓની માફક, મેઘોમાં વીજળી પુંશ્ર્વલી( મનચલી)चलसौददाबने છે.[૫૩] શબ્દ રૂપી ગુણવાળા આકાશમાં પણછ વિનાનું મેઘધનુષ્ય ગુણોના સમુદાયમાં ગુણાહીન પુરુષ જેવુ છે. અહંકારને લીધે પોતાના ઓજસ્થી ન શોભતા પુરુર્ષ જેવા વાદળોમાં જ્યોત્સના શોભતી નથી, વૈષ્ણજનોના દર્શનથી આનંદતા[૫૪] અભિતપ્ત ગૃહસ્થોનિ માફક મયુરો મેઘના આગમનથી આનંદિત થાય છે.[૫૫]एकौडहं बहु स्याम् જેવી કામનાથી તપ કરી એક જ બ્રહ્મ અનેકરૂપે થયા તેમ વર્ષાજળનું પાન કરી વૃક્ષો અનેક રૂપ ધરે છે.[૫૬] સરોવરકાંઠે અશાંત કૃત્યથી દુષ્ટ આચારવાળા ગ્રામ્યજનો સમા સરોવર કાંઠે સારસો કૃજે છે.[૫૭] અસદ્દવાદથી વેદમાર્ગને ડૂસીત કરતાં વર્ષાના પ્રવાહથી સેતુઓ ધોવાયા છે. [૫૮] સરોવર કાંઠે અશાંત કૃત્યથી દુષ્ટ આચારવાળા ગ્રામ્યજનો સામા સરોવર કાંઠે સરસો ક્રુજે છે.[૫૭] અસદ્દવાદથી વેદમાર્ગને દૂષિત કરતાં વર્ષાના પ્રવાહથી સેતુઓ ધોવાયા છે.[૫૮] વાતાવરણમાં વચ્ચે વચ્ચે રાજાને બ્રાહ્મણના આશીર્વચનોનિ માફક વાદળો અમ્રુત વરસાવે છે.

આષાઢી મેઘાણી વર્ષાથી પશુ, પક્ષી, માનવો, વૃક્ષો, નદીઓ, સુકાઈ  જળાશયો વગેરે સૌ કોઈ ચેતન,આનંદ, અને નવજીવનનો સંવાદ અનુભવે છે.

ભાગવતના વર્ષાવર્ણનના સ્વાભાવિક રીતે વેદ ધર્મ, વિષ્ણુ ભક્તિ અને દાર્શનિક વિચારધારાઑ ઉપમામાં વણાઈ ગઈ છે. ભાગવતની સમાધિભાષા તેને અર્થસભર અને લાઘવયુક્ત બનાવે છે.

મેઘથી મેદુરિત આકાશ, મેઘગર્જનના પડકારના સિંહનાદ, ગંગામાં પ્રવેશતી કુનદીઓ વગેરેની કલ્પનાઓને જયદેવ, જગનાથ, ભર્તુહરી વગેરેએ લઘુકાવ્યો વાણી લીધી છે.

આપણે અંતે પ્રાર્થીએ કે જ્યારે જ્યારે અમે ઇરછીએ  ત્યારે ત્યારે પર્જન્ય દેવ વરસે, અમારી ઔષધિઓ ફલવતી બનીને પાકે, આમ્રરું યોગક્ષેમ સધાય.

निकामे निकामे पर्जन्योडभिववर्षतु
फलवत्यो न औषधय: पच्यन्ताम् ।
योगक्षेमो न कल्पताम् ॥[५९]

Saarth
E-Journal of Research
**ISSN NO: 2395-339X**

પાદટીપ

1. अन्न पूर्वारासतं मे आषाढ़ा ऊर्ज देव्यूत्तरावहन्तु(शौतक अथर्ववेद १९.३.६)
2. શાંખાયનશ્રૌતસૂત્ર ૩.૪.૧,૫.૧૧.૭, વાજસનેશ્રૌતસૂત્ર ૨.૧.૭.૩૫, કાત્યાયનશ્રૌતસૂત્ર ૫.૩.૧, ૧૭.૧૨.૯)
3. आषाढ़या पौर्णमास्यां बीजानि धारयित्वोंपवासयेत् । तुता चेन्द्रमिदेववाताय इत्येयन (शांखायन ब्राह्मण ४८.८)
4. तत्राषाढ़ : कार्ति कश्र्ववैशाख एव च । तीर्थान्युकानि मासा वै चत्वारोडभीष्ट दायका : ।
5. चतुर्थी पच्छमी चैव प्रतीक्षेत सदा शुचि : आषाढ़शुद्धे नियत विधुदर्शनम् ॥ अथर्ववेद परिशिष्ट-विधुल्लक्षणम्
6. या आपो दिव्या उत वा स्त्रवन्ति खनित्रिमा उत वा या स्वयंजा, आपो देवीरीह मामवान्तु ॥ ऋग्वेद ४.४९
7. पर्जन्याय प्र गायत दीवस्पुत्राय मीठाहुषे ।
8. संवत्सरं शशयाना ब्राहमना व्रतचारिण : ।
वाचं पर्जन्यजीवन्ता प्र मण्डूका अवादिषु : । (ऋग्वेद ७.१.३.९)
9. तप्ता धर्मा अश्नुवते विसर्गम् ॥ ऋग्वेद (७.१.३.९)
10. ऋग्वेद ८३.३
11. वी वृक्षान्हंन्त्यट हन्ति रक्षसों विश्वे विभाय भुवनं महावधात् । ऋग्वेद ४.८३.२
12. ऋग्वेद ४.८३.८
13. ऋग्वेद ४.८३.९
14. अर्थववेद ९.१.१
15. अथर्ववेद ९.१.४
16. अथर्ववेद ९.१.७
17. यथा मधु मधुकृतः संक्षरन्ति मधावधि , अथर्ववेद ९.१.१६
यथा मक्षा इदं मधु व्यच्चन्ति मधावधि । अथर्ववेद ९.१.१७
18. धौ प्रसूते रसायनम् - वाल्मीकि रामायण, किष्किन्धाकाण्ड २८.३
19. कामातुरमिवामबरम् ॥ वाल्मीकिरामायण, किष्किन्धाकाण्ड २८.३
20. वाल्मीकिरामायण, किष्किन्धाकाण्ड २८.७
21. वाल्मीकि रामयाण, किष्किन्धाकाण्ड २८.११
22. એજન 28.15
23. એજન 28.15
24. એજન 28.13,17
25. એજન 28-19

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

26. એજન 28-21
27. એજન 28.30
28. એજન 2.5.24
29. એજન 2.5.24
30. नवं पायो घनैर्मया च त्वद्रीप्रयोगाश्रु समं विसृष्टम्(એજન)
31. રઘુવંશ
32. पूर्वानुभूतस्मरता चा यत्र कम्पोतरं भीरु तवोपागूढ़म् ॥ रघुवंश १३.२८॥
33. रघुवंश, कालीदासग्रन्थावल, सं। रेवप्रसाद द्रीवेदी, बनारस न्दी यूनिवर्सिटी, वाराणसी, १८७६, ३.२९
34. માલવિકાગ્નિમિત્ર 1.21
35. વિક્રર્મોર્વશીયમ્ ४.४.
36. नवपय : कणकोमलमालतीकुसुमसंततिस्तं ततसंगीभि; । प्रचलितोंडुनिभे पारीपाण्डिमा शुभारजोडलिभि रादरे ॥ (शिशुबालवधम् ६.३६)
37. पवनचपलवेग : स्थूलधारशरौध :
स्तननितपटहनाद : स्पष्टविधुत्पताकः ।
हरति करसमूहं खे शशाङ:कस्य मेघो
नृपआईवी पुरमध्ये मन्दवीर्यस्यशतरों : ॥ (मृच्छकटिकम्४.१७)
38. मृच्छकटिकम्४.२०
39. मृच्छकटिकम्४.२३
40. छत्रापिधान, मृच्छकटिकम्४.२४)
41. विधुज्ज्वलएनआईवी संविहसतीवोंच्छैर्बलाशतै-
र्माहेन्द्रेण, विवल्गतीव धनुषा धाराशरोद्गारिणा ।
विस्पष्टाशनिनि : स्वनेन रसतीवाधृर्णतीवानिलै-
नीलै : सान्द्रमिवाहीभिर्जलधरैर्धुमायातीवाम्बरम्॥ मृच्छकटिकम्४.२७)
42. धान्यानि तेषा खलु जीवितानि
ये कामिनीनां गृहमागतानाम् ।
आद्राणि मेघोद्दशीतलानि
अड्डाणी अड़ेंषू परिष्वजन्ते॥ (मृच्छकटिकम्४.२८)
43. तालीषु तारं विटपेषु मन्द्रं
शिलासु रुक्षं सलिलषु चण्डम् ।
संगीवीणा इव ताडयमाना-
स्तालानुसारेण पतन्ति धारा : ॥ (मृच्छकटिकम्४.४२ )

Saarth
E-Journal of Research
**ISSN NO: 2395-339X**

44. मालतीमाधवम् ९.२४
45. कच्चिस्सौम्य प्रियसहचरी विधुदालिडति त्वा -
माविर्भुनिप्रणयसुभागाश्र्वातका वा भजन्ते ।
पौरस्तस्यों वा सुखयति मरुत् साधुसंवाहनाभि -
विश्वम्बित्सुरद्रेपतिर्धनुर्लक्ष्मलक्ष्मी तनोति ॥ (मालतीमाधवम् ९.२४)
46. मालतीमाधवम् ९.२६
47. भागवतपुराणम् - गीताप्रेस, गोरखपुर, १०.२०.९
48. એજન 10.20.10.11
49. એજન 10.20.13
50. એજન 10.20.15
51. એજન 10.20.16
52. એજન 10.20.17
53. એજન 10.20.19
54. એજન 10.20.20
55. એજન 10.20.21
56. એજન 10.20.22
57. એજન 10.20.23
58. शुकलवर्वेद संहिता, 22-22 स्वाधाय मण्डल, किल्ला- पारडी

विशेष सन्दर्भ ग्रन्थ

1. शौनकिय अथर्ववेद: - स्वाध्यायमण्डल, किल्ला पारडी
2. अथर्वपरिशिष्ट - चौखम्बा संस्कृत भवन, वाराणसी
3. ऋग्वेदसंहिता- स्वाध्याय, किल्ला पारडी
4. वाल्मीकिरामायण - गीताप्रेस, गोरखपुर
5. कालीदास ग्रन्थावलि, सं- रेवाप्रसाद द्रीवेदी
6. मुच्छकटिकम् - सरस्वती पुस्तक भण्डार, अहमदाबाद
7. M.R.Kale, Motilal Banarasidas
8. भागवपुराणम्, गीताप्रेस, गोरखपुर
9. शुकयजुर्वेदसंहिता, स्वाध्याय मण्डल, पारडी